# અરવલ્લીમાં ખરીદી કેન્દ્રો ઉપર ઘઉં વેચવા ખેડૂતોનો ધસારો

### મહિના પછી ખરીદી શરૂ થતાં વાહનોની લાંબી કતારો



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯
અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં સરકારી ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો ઉપર ઘઉંની ખરીદી બંધ થઈ હતી ૧ મહિના પછી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરનારા ખેડૂતો પાસેથી ઘઉં ખરીદવામાં આવતાં જિલ્લાના ખરીદ કેન્દ્રો ઉપર ખેડૂતોનો ધસારો જોવા મળી રહ્યો છે. ખરીદ કેન્દ્રો આગળ ઘઉં ભરેલા વાહનોની લાંબી કતારો સવારથી ખડકાય છે. સરકાર દ્વારા ક્વિન્ટલ દીઠ રૂા.૧૯૭૫ ઘઉંનો ભાવ નક્કી કરવામાં આવતાં બાયડ, ગાબટ, વાત્રક, લીંભોઈ, ટીંટોઈ, ધનસુરા, માલપુર, મેઘરજ અને ભિલોડા ખરીદ કેન્દ્રો ધમધમતાં થયાં છે.

ખેડૂતોને પાક ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સરકાર દ્વારા ટેકાના ભાવે પાક ઉપજ ખરીદવામાં આવતી હોય છે. સરકાર દ્વારા પ્રતિક્વિન્ટલ દીઠ રૂા.૧૯૭૫ ભાવ નક્કી કરી ખેડૂતો પાસે ઓનલાઈન રજીસ્ટ્રેશનની વિગતો માંગવામાં આવી હતી. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ-૬૯૫૫ ખેડૂતોએ ટેકાના ભાવે ઘઉં વેચવા માટેની સંમતિ દર્શાવતાં પુરવઠા વિભાગ દ્વારા નિયત કરાયેલા ઘઉં ખરીદ કેન્દ્રો ઉપર ખેડૂતોની ચહલ પહલ જોવા મળી પરંતુ જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધુ તેજ અને ઘાતક બનતાં તાત્કાલિક ઘઉંની ખરીદી ઉપર બ્રેક લગાવવામાં આવી હતી. ૧ મહિના પછી કોરોનાનું સંક્રમણ ઘટતાં હવે ફરીથી વિભાગ દ્વારા ખેડૂતો પાસેથી ઘઉં ખરીદવામાં આવી રહ્યા છે. છેલ્લા ૨-૩ દિવસથી જિલ્લાના મોટાભાગના ઘઉં ખરીદ કેન્દ્રો ઉપર ખેડૂતોની ભીડ જોવા મળવાની સાથે ખરીદ કેન્દ્ર બહાર ઘઉં ભરેલા વાહનોની મોટી કતારો લાગી રહી છે.

### નવા શૈક્ષણિક સત્રના પ્રારંભનો ધમધમાટ

# જિલ્લાના સ્ટેશનરી બજારોમાં વિદ્યાર્થી-વાલી દેખાતા નથી

### ધો.૧ થી ૧૦ના બ્રીજકોર્સ માટે શિક્ષકોને બાયસેગ મારફતે તાલીમ, ૨ વર્ષની પરીક્ષા આપ્યા વગર પાસ થયેલ વિદ્યાર્થીઓનું ભાવિ કેવું હશે..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯
કોરોનાના કારણે માસ પ્રમોશન આપવામાં આવ્યું છે ત્યારે કોરોનાની દહેશત વચ્ચે તા.૭ જૂનથી પ્રથમ નવા શૈક્ષણિક સત્રનો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પ્રારંભ થવાનો છે પરંતુ જિલ્લાના સ્ટેશનરી બજારોમાં વિદ્યાર્થી-વાલી દેખાતા નથી. ખાસ કરીને પાઠ્યપુસ્તક, નોટબુકનો વેપાર કરતા વેપારીઓની હાલત કફોડી બની છે. શાળાઓ તેમજ ૨૮૦ ખાનગી શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. વર્તમાન પરિસ્થિતિ જોતાં પ્રત્યક્ષ શિક્ષણ શાળાઓમાં શરૂ થાય તેવી સંભાવના ઉઠી છે. આ સંજોગોમાં નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસથી જ જ્ઞાનસેતુનું અધ્યયન કાર્ય અને બ્રીજકોર્સ ક્લાસ રેડીનેશન કાર્યક્રમ હેઠળ તા.૭ થી ૯ જુન દરમ્યાન બાયસેગના માધ્યમથી વિશેષ તાલીમ આપવામાં આવશે. બ્રીજકોર્સમાં ધો.૧ થી




ખુલતાં જ ધો.૧ થી ૧૦ ના બ્રીજકોર્સ માટે શિક્ષકોને બાયસેગ મારફતે તાલીમ આપવાનો નિર્ણય લેવાયો છે. ગત વર્ષે કોરોનાના કારણે ધો.૧ થી ૯ અને ૧૧ માં માસ પ્રમોશન આપવામાં આવ્યું હતું અને આ વર્ષે પણ ધો.૧ થી ૧૧ માં માસ પ્રમોશન અપાતાં નબળા વિદ્યાર્થીઓનું ભાવિ કેવું હશે..?? શિક્ષકો માસ પ્રમોશનના કારણે ઉદ્‌ભવેલી વિટંબણાઓમાંથી કેવી રીતે બહાર આવશે તેનું મનોમંથન શરૂ થયું છે.

કોરોનાના કારણે શિક્ષકો પણ ડરામણા બની ગયા હતા. કોરોનાથી સંક્રમિત કેટલાય શિક્ષકોના મોત નિપજ્યા છે છતાં સરકારે શિક્ષકોને કોરોના યોદ્ધા જાહેર કર્યા નથી. કોરોનાનો કહેર ઘટતાં તા.૭ જૂનથી સાબરકાંઠા, અરવલ્લીની ૨૫૦૦ સરકારી પ્રા. શાળા, ૪૨૩ માધ્યમિક અને ઉ.મા.શાળાઓ ૧૦ના વિદ્યાર્થીઓ માટે સમજ, પુનરાવર્તન અને મહાવરો કરાવવાનો નિર્ણય લેવાયો છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધો.૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે તે વિષય મુજબ ખાસ સાહિત્ય બનાવી દરેક શાળાઓને વેકેશનમાં મોકલવામાં આવ્યું હતું. નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે તા.૭ થી ૯ જૂન ૩ દિવસ બ્રીજકોર્સ અંગેની જરૂરી તાલીમ આપવાનો નિર્ણય લેવાયો છે. બ્રીજ કોર્સનો ઉદ્દેશ્ય ધો.૧ ના વિદ્યાર્થીઓ માટે ભાઈ-બહેન કે શિક્ષકની મદદથી અધ્યયન કરાવી શકાય તેનો છે. ધો.૧ થી ૫ માટે લેખન કાર્ય, ધો.૬ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે અલગથી નોટબુક બનાવવાની રહેશે. બુકની ચકાસણી પછી શિક્ષકો વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપે તે પ્રકારનું આયોજન વિચાર્યાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

## ગ્રોમોર-હિંમતનગરમાં ઓનલાઈન નિઃશુલ્ક સમર કેમ્પનું આયોજન

શિક્ષણક્ષેત્રે અગ્રેસર હિંમતનગરની ગ્રોમોર સ્કુલમાં ઓનલાઈન નિઃશુલ્ક સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ધો.૧ થી ૫ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. ૫ થી ૭ જૂને આયોજન થયું છે. ૭ જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો છે ત્યારે ગ્રોમોર સ્કુલ-હિંમતનગર દ્વારા કોરોનાના કાળમાં બાળકોમાં અનોખો આત્મ વિશ્વાસ, ઉર્જા સંપાદિત થાય હેતુથી ઓનલાઈન નિઃશુલ્ક સમર કેમ્પ આયોજન કરાયો છે. જેમાં પ્રથમ દિવસે ચિત્રકામ, બીજા દિવસે આર્ટ એન્ડ ક્રાફ્ટ, ત્રીજા દિવસે રમકડાનું સર્જન સહિતના કાર્યક્રમો આયોજીત થયા છે. રજીસ્ટ્રેશન માટે મો.૯૪૨૮૨૨ ૧૧૦૦ પર સંપર્ક કરવો.

### ધો.૧ થી ૧૧માં માસ પ્રમોશન પછી કામગીરી વધી

# સાબરકાંઠા, અરવલ્લીના શાળાના વર્ગખંડોની વિગતો ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરવા સૂચના

### બોર્ડ પરીક્ષા વગર દરરોજ થતા નવા આદેશથી કર્મચારીઓમાં કચવાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯
રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા કોરોનાનું સંક્રમણ વધતાં ધો.૧ થી ૧૧ માં માસ પ્રમોશન આપી દીધું પરંતુ ઉભી થનારી સ્થિતિનો અંદાજ મેળવવા પ્રયાસ શરૂ થઈ રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લીના શાળાના વર્ગખંડોની વિગતો ઓનલાઈન પોર્ટલ ઉપર અપલોડ કરવા સૂચના આપી છે. ધો.૧૦માં માસ પ્રમોશન અપાતાં ધો.૧૧ માં અનેક શાળાઓમાં નવા વર્ગોની ૨ વર્ષ માટે મંજૂરી આપ્યા વગર છૂટકો રહ્યો નથી. જેના કારણે શિક્ષણક્ષેત્રે પણ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં માઠી અસર પડશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર શિક્ષણ વિભાગ દ્વારા ધો.૧૦માં માસ પ્રમોશન અને ધો.૧૨ ની પરીક્ષા તા.૧ જુલાઈથી યોજવાનો નિર્ણય કર્યો છે. પરંતુ શિક્ષણ વિભાગના ધો.૧૦માં માસ પ્રમોશનના નિર્ણયને કેટલાય વાલીઓ અને કેળવણીકારોએ ટીકાપાત્ર ગણાવ્યો છે. આખું વર્ષ તૈયારી કરનારા વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી ન્યાય મળ્યો નથી તેવી લાગણી પણ પ્રવર્તિ રહી છે. પરંતુ હવે ધો.૧૦માં માસ પ્રમોશન પછી તમામ શાળાઓમાં ધો.૧ થી ૧૧માં માસ પ્રમોશનના કારણે કામગીરીનું ભારણ વધી ગયું છે. ધો.૧૦ ના તમામ વિદ્યાર્થીઓ પાસ થઈને ઉપલા વર્ગ ધો.૧૧માં પ્રવેશ મેળવ્યો છે જેથી ધો.૧૧ ના વર્ગોની ઘટને પહોંચી વળવા વિભાગ કામે લાગ્યું છે. જેથી તમામ ડી.ઈ.ઓ. પાસે ધો.૯ થી ૧૨ સુધીના તમામ ધોરણો માટે સૂચિ ઓનલાઈન પોર્ટલ ઉપર મોકલી આપવા જણાવ્યું છે. સાબરકાંઠા, અરવલ્લીમાં ધો.૧૧ ના ૨૦૦ થી વધુ વર્ગો વધવાની પણ સંભાવના છે.

## અરવલ્લીના પ્રગતિશીલ ખેડૂત, અડીખમ સહકારી આગેવાનની ચિરવિદાય

### હૃદયરોગના હુમલાથી મોત, ભુડાસણ ગામ તેમજ ૩૬ ગામ લેઉઆ પટેલ સમાજમાં શોક છવાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯
બાયડ તાલુકાના ભુડાસણ ગામના પ્રગતિશીલ ખેડૂત, સૌથી વધુ બટાકા ઉત્પાદનના રાજ્ય સરકાર



એવોર્ડ વિજેતા અનેક સહકારી સંસ્થાઓમાં વર્ષો સુધી સેવાઓ આપનાર અડીખમ સહકારી આગેવાન શંકરભાઈ નાથાભાઈ પટેલનું હૃદય રોગના હુમલાથી મોત નિપજતાં અરવલ્લી જિલ્લા તેમજ સહકારી આગેવાનોમાં શોક છવાયો છે. સરળ અને સૌમ્ય વ્યક્તિત્વ ધરાવતા કોંગ્રેસમાં વર્ષો સુધી વિવિધ પદ ઉપર રહી રાજકીય અને ત્યારબાદ સહકારી તેમજ શિક્ષણક્ષેત્રે શંકરભાઈ પટેલનું મહત્વનું યોગદાન હતું. વર્ષો સુધી કોંગ્રેસના શિસ્તબદ્ધ કાર્યકર રહ્યા પરંતુ અન્ય રાજકીય પક્ષોના પણ તેમના ગણા મિત્રો હતા એક રીતે અજાતશત્રુ વ્યક્તિત્વના કારણે તેઓ દરેક સમાજમાં લોકપ્રિય બન્યા હતા. ભુડાસણ કેળવણી મંડળ ઉપરાંત તાલુકાની સહકારી સંસ્થાઓમાં પણ તેમની નેત્રદિપક કામગીરી જોવા મળી હતી. લક્ષ્મી ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાન-અમદાવાદના પ્રમુખ તરીકે લાંબા સમયથી સેવા આપી રહ્યા હતા. કોરોનાના કપરા કાળમાં પણ અડીખમ રહ્યા પરંતુ છેલ્લા કેટલાક સમયથી હૃદયરોગની બિમારીથી પીડીત હતા. ગત રોજ હૃદય રોગનો હુમલો આવતાં તેઓનું જૈફ વયે અવસાન થયું છે. અરવલ્લીના પ્રગતિશીલ ખેડૂત, અડીખમ સહકારી આગેવાનની ચિરવિદાયથી ખેડૂત સંગઠનો-સહકારી આગેવાનોએ ઉંડો આઘાત વ્યક્ત કર્યો હતો.

# ચોમાસુ ઢુકડું : સાબરકાંઠા, અરવલ્લીમાં ૨૦ જૂન પહેલાં ચોમાસુ જામે તેવી સંભાવના

### ખેડૂતો ખેતી કામમાં લાગ્યા, શ્રમજીવીઓની અછતથી ખેડૂતો પરેશાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯
નૈઋત્યના ચોમાસાએ કેરળમાં દસ્તક દીધી છે ત્યારે ગુજરાતમાં તા.૧૮ થી ૨૦ જૂન દરમ્યાન વરસાદ વરસે તેવી સંભાવના છે એ જોતાં સાબરકાંઠા, અરવલ્લીમાં ૨૦ જૂન પહેલાં ચોમાસુ જામી શકે છે. તાઉતે વાવાઝોડાના કારણે ચોમાસુ વિલંબમાં પડવાની દહેશત હતી પરંતુ કેરળના આંગણે ચોમાસાના દસ્તકે ચોમાસુ સમયસર શરૂ થાય તેવા સંકેત છે. ખેડૂતોએ ખેતી કામ શરૂ કર્યા છે પરંતુ શ્રમજીવીઓની અછતથી ખેડૂતો પરેશાન બન્યા છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રજા મોટાભાગે પશુપાલન અને ત્યારબાદ ખેતીના વ્યવસાય ઉપર નિર્ભર છે. નબળું ચોમાસુ અનેક ખેડૂત પરિવારોની હાલત બગાડી શકે છે. ભારે વરસાદ પણ ખેડૂતોને પાયમાલ કરતો હોય છે. તાજેતરમાં તાઉતે વાવાઝોડાની અસરના કારણે



જિલ્લામાં દોઢ થી પાંચ ઈંચ વરસાદ ખાબકતાં ખેડૂતો હચમચ્યા હતા. તૈયાર ઉનાળુ પાક અને બાગાયતી ખેતીને કેટલાક વિસ્તારોમાં મહત્વનું નુકસાન થયું છે તેમ છતાં બંન્ને જિલ્લામાં ચોમાસા દરમ્યાન સર્વાધિક વાવેતર થતું હોય છે. ખેડૂતો મોટાભાગે જૂનના પ્રથમ સપ્તાહથી ચોમાસાના આગમનની રાહ જોતા હોય છે.

કેરળમાં નૈઋત્યના ચોમાસાના આગમનના કારણે ગુજરાતમાં ચોમાસુ જૂનના બીજા પખવાડીયામાં જમાવટ કરે તેવી પૂરી સંભાવના છે તે જોતાં બાયડ, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના વિજયનગર, ભિલોડા, મોડાસા, માલપુર, મેઘરજ, ધનસુરા તાલુકાના ખેડૂતોએ ધોમધખતા તાપમાં ખેતરો ખેડીને તપાવવાની શરૂઆત કરી છે. કેટલાક ખેડૂતોએ ખેતરમાં છાણીયું ખાતર ભરીને જમીનની ફળદ્રુપતા વધારવાનો પ્રયાસ આરંભ્યો છે. ખેતી તજજ્ઞો ખેડૂતોને વાવેતર માટે ઉતાવળ કર્યા વગર વાવણી લાયક વરસાદ વરસે પછી જ બિયારણ જમીનમાં ધરબવાની ભલામણ કરી રહ્યા છે.

## ચિંતા વધી : બાયડના રડોદરામાં મ્યુકરમાઈકોસિસના રોગથી વૃદ્ધનું મોત

### જિલ્લામાં જીવલેણ રોગચાળાથી ૩નાં મોત, સ્થિતિ વધુ વણસે તેવા સંકેત

બાયડ તાલુકાના રડોદરાના નિવૃત્ત કર્મચારી નરસિંહભાઈ પુંજાભાઈ પટેલ(ઉ.૭૬ વર્ષ)નું મ્યુકરમાઈકોસિસ રોગના કારણે અમદાવાદ સિવિલમાં મોત નિપજતાં અરવલ્લી જિલ્લામાં જીવલેણ રોગચાળાથી અત્યાર સુધીમાં ૩ નાં મોત નિપજ્યાં છે. તંત્ર બ્લેક ફંગસ તરીકે ઓળખાતા રોગચાળા ઉપર ગમે તેટલા ઢાંકપીછોડના પ્રયાસ કરે પરંતુ યોગ્ય તકેદારી રાખવામાં નહીં આવે તો સ્થિતિ વધુ વણસે તેવા સંકેત છે.

કોરોનાની મહામારીમાં સામાન્ય રાહત મળી ત્યાં મ્યુકરમાઈકોસિસના રોગચાળોએ જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગની ઉંઘ હરામ કરી દીધી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં મ્યુકરમાઈકોસિસના ૮ દર્દી હોવાનાં ગાણાં ગવાઈ રહ્યાં છે પરંતુ આંકડો ૩૦ થી વધુ હોવાની સંભાવના છે. તાજેતરમાં જ મ્યુકરમાઈકોસિસના કારણે ભિલોડામાં ૧ દર્દીનું મોત નિપજતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે ત્યારબાદ બાયડ તાલુકાના રડોદરાના દર્દીને નાકમાં બ્લેક ફંગસ જણાતાં તાબડતોબ સારવાર માટે અમદાવાદ સિવિલ



હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને ત્યાં લેબોરેટરી પરીક્ષણ દરમ્યાન મ્યુકરમાઈકોસિસ હોવાનું જણાતાં સારવાર શરૂ કરવામાં આવી. પરંતુ સારવાર દરમ્યાન મોત નિપજતાં બાયડ તાલુકામાં મ્યુકરમાઈકોસિસના રોગથી પ્રથમ મોત નોંધાયું છે.

## મુનજીનામુવાડા પાસે કેનાલમાંથી અજાણ્યો મૃતદેહ મળ્યો

બાયડ તાલુકાના મુનજીનામુવાડા ગામ નજીક પસાર થતી સુજલામ સુફલામ કેનાલમાંથી ૫૦ વર્ષિય અજાણ્યા પુરૂષની લાશ મળી આવતાં તરેહ તરેહની ચર્ચાઓ શરૂ થઈ છે. જેમાં મહિસાગર જિલ્લાની હદમાંથી લાશ કેનાલના પાણીમાં તણાઈ આવ્યાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. સુજલામ સુફલામ કેનાલો આત્મઘાતી સાબિત થઈ રહી છે. કેનાલોમાં પાણી છોડાયા પછી જળઘાત વધી છે. ૨૮ના રોજ તાલુકાના મુનજીનામુવાડા ગામ નજીક કેનાલમાં અજાણી લાશ તણાઈ આવતાં લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં. પાતેળા ગામના દિપકસિંહ લલ્લુસિંહ સોલંકીએ આ અંગે બાયડ પોલીસને જાણ કરી હતી જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતાં અજાણ્યો પુરૂષ પાણીના પ્રવાહમાં અન્ય જિલ્લાની હદમાંથી તણાઈ આવ્યો હોવાનું જણાતાં કાર્યવાહી હાથ ધરી છે.

### મોતિયા મુક્ત અરવલ્લી જિલ્લો

# ચાર કરોડના ખર્ચે અદ્યતન આંખની હોસ્પિટલનું નિર્માણ થશે

### વાત્રકની ભૂમિને તિર્થધામ ભૂમિ બનાવવાનો સંકલ્પ — વિજય શાહ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯
બાયડ તાલુકાના વાત્રકની ભૂમિ ઉપર સેવા યજ્ઞનું એક નવતર સોપાન સર થઈ જવા રહ્યું છે. મોતિયા મુક્ત અરવલ્લી જિલ્લાના સંકલ્પ સાથે વાત્રક સરકારી અનાજ ગોડાઉનની બાજુમાં શ્રીમતી બેલાબેન અને શ્રી યોગેશભાઈ પટેલ આંખની હોસ્પિટલનું નિર્માણ થશે અને તે માટે રૂા.૪ કરોડનો ખર્ચ થશે. તદ્‌ઉપરાંત નવી નિર્માણ થનારી હોસ્પિટલ માટે અનેક દાતાઓએ દાન આપવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે આ જોતાં રાજ્યના મેટ્રો શહેર જેવી જ અદ્યતન સુવિધાયુક્ત આંખની હોસ્પિટલ અરવલ્લી જિલ્લામાં સાકાર થઈ રહી છે. વાત્રક ભૂમિને તિર્થધામ ભૂમિ બનાવવા અને વાત્રક માર્ગ ઉપરથી પસાર થતા કોઈપણ યાત્રાળુ ભૂખ્યા ન જાય તે પ્રકારની સવલત ઉભી કરવા પ્રતિબદ્ધ હોવાનું સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના વિજય શાહે જણાવ્યું છે.

કોઈપણ સેવાકાર્ય કરવું છે તો તેના માટે મુહર્ત જોવાની જરૂર નથી. અરવલ્લી જિલ્લાની ખ્યાતિ પ્રાપ્ત વાત્રકની શ્રી કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ સંચાલિત શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ હોસ્પિટલ જિલ્લા ઉપરાંત સાબરકાંઠા, ગાંધીનગર, ખેડા, મહિસાગર અને રાજસ્થાનના દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની છે. એક તબક્કે મેડીકલ



કોલેજ પણ મળી શકે તેમ હતી પરંતુ વિકાસના કામમાં રોળાં નાખનારાઓએ વાત્રકનું અહીત કરી નાખ્યું પરંતુ જે થાય તે સારા માટે તેવા કુદરતના ઉદ્દેશ્ય સાથે વાત્રક હોસ્પિટલને ધમધમતી રાખવા માટે ટ્રસ્ટી મંડળ દિવસ-રાત પ્રયાસ કરતું રહ્યું છે અને હવે તેની નજીકમાં જ અરવલ્લી જિલ્લાને મોતિયા મુક્ત બનાવવાના ઉચ્ચ વિચારો સાથે વિશાળ આંખની હોસ્પિટલ કાર્યરત થઈ રહી છે. કે. કે.શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ-વાત્રક ખાતે અંધજન મંડળને જમીન આંખની હોસ્પિટલ સ્થાપવા માટે વિના મૂલ્યે ઓફર કરવામાં આવી. વાત્રક ટ્રસ્ટ હોસ્પિટલની ખુબ નજીકની જગ્યા પસંદ થઈ અને હવે પ્રોજેક્ટ અંધજન મંડળ, કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ, સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ વચ્ચેની ભાગીદારીના અભિગમથી શ્રીમતી બેલાબેન અને શ્રી યોગેશભાઈ પટેલ હોસ્પિટલના નામકરણ માટે રૂા.૨ કરોડનું દાન આપવાનું નક્કી કર્યું છે. યુ.એસ.એ.ના ડૉ.દિનેશ શાહ દ્વારા રૂા.૫૨ લાખ ઓપરેશન થીયેટર અને ફેકો મશીન માટે જાહેર કર્યા છે. તા.૨ ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ આંખની હોસ્પિટલનું ભૂમિપૂજન શરૂ થયું અને હવે તેનું નિર્માણ કાર્ય શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે વાત્રક ફરી એકવાર આંખની ચિકિત્સા માટે સમગ્ર રાજ્યનું સર્વશ્રેષ્ઠ સેન્ટર બની રહેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.